# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380014

## તા. 13/01/2016ના રોજ મળેલી વિદ્યાસભાનો અહેવાલ

ગૂજરાત વિદ્યાપીઠની વિદ્યાસભાની બેઠક તા. 13-01-2016 ને બુધવારના રોજ આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલયના પરિસંવાદ ખંડમાં બપોરે 3-00 વાગ્યે મળી હતી. આ બેઠકમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

| | | |
|---|---|---|
| (1) | ડૉ. અનામિક શાહ | : અધ્યક્ષશ્રી (કુલનાયક, ગૂ.વિ., અમદાવાદ) |
| (2) | પ્રો. કનુભાઈ નાયક | : સભ્યશ્રી (આચાર્ય, મ. દે. સ. સેવા મહા., ગૂ.વિ., અમદાવાદ) |
| (3) | ડૉ. જયપ્રકાશ પંડ્યા | : સભ્યશ્રી (આચાર્ય, શિક્ષણ / હિન્દી શિક્ષક મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ) |
| (4) | ડૉ. સંધ્યાબહેન ઠાકર | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, આ. શિ. અને વિ. વિભાગ, ગૂ.વિ., અમદાવાદ) |
| (5) | ડૉ. જમનાદાસ સાવલિયા | : સભ્યશ્રી (સંયોજક, મ. દે. શા. શિ. મહા., સાદરા) |
| (6) | ડૉ. કનૈયાલાલ નાયક | : સભ્યશ્રી (સંયોજક, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા) |
| (7) | ડૉ. પ્રદીપભાઈ આચાર્ય | : સભ્યશ્રી (ઇન્ચાર્જ, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા) |
| (8) | ડૉ. રાજીવભાઈ પટેલ | : સભ્યશ્રી (સંયોજક, મ. દે. ગ્રામસેવા મહા., રાંધેજા) (ઇન્ચાર્જ, ગ્રામવ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, રાંધેજા) |
| (9) | ડૉ. હરિભાઈ પટેલ | : સભ્યશ્રી (સંયોજક, અભ્યાસક્રમ વિકાસ એકમ, ગૂ.વિ., અમદાવાદ) |
| (10) | ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય | : સભ્યશ્રી (અધ્યક્ષ, ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગ, અમદાવાદ) |
| (11) | ડૉ. નિમિષાબહેન શુક્લ | : સભ્યશ્રી (અધ્યક્ષ, ગ્રામઅર્થશાસ્ત્ર વિભાગ, અમદાવાદ) |
| (12) | ડૉ. જશવંતભાઈ પંડ્યા | : સભ્યશ્રી (અધ્યક્ષ, હિન્દી વિભાગ, અમદાવાદ) |
| (1) | ડૉ. મહેબૂબભાઈ દેસાઈ | : સભ્યશ્રી (અધ્યક્ષ, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, અમદાવાદ), |
| (13) | ડૉ. વિનોદભાઈ પાંડેય | : સભ્યશ્રી (કા. અધ્યક્ષ, પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયન વિભાગ, અમદાવાદ) |
| (14) | ડૉ. મહેશભાઈ ગામીત | : સભ્યશ્રી (કા. અધ્યક્ષ, સમાજશાસ્ત્ર અને સમાજમાનવશાસ્ત્ર વિભાગ, અમદાવાદ) |
| (15) | ડૉ. આનંદીબહેન પટેલ | : સભ્યશ્રી (અધ્યક્ષ, સમાજકાર્ય વિભાગ, અમદાવાદ) |
| (16) | ડૉ. અજયભાઈ પરીખ | : સભ્યશ્રી (અધ્યક્ષ, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, અમદાવાદ) |
| (17) | ડૉ. રામ ગોપાલ સિંહ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, હિન્દી વિભાગ, અમદાવાદ) |
| (18) | ડૉ. ગીતાબહેન વ્યાસ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, સમાજકાર્ય વિભાગ, અમદાવાદ) |
| (19) | ડૉ. આરતીબહેન પટેલ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ) |
| (20) | ડૉ. ભરતભાઈ જોષી | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ) |
| (21) | ડૉ. કોકિલાબહેન પારેખ | : સભ્યશ્રી (પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂ.વિ., અમદાવાદ) |

(22) ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા : સભ્યશ્રી (પ્રાધ્યાપક, મ. દે. શા. શિ. મહા., સાદરા)

(23) ડૉ. નિખિલભાઈ ભટ્ટ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા)

(24) ડૉ. દુગ્ગીરાલા શ્રીનિવાસ : સભ્યશ્રી (પ્રાધ્યાપક, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા)

(25) ડૉ. ધીરેનભાઈ પટેલ : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગ, અમદાવાદ)

(26) ડૉ. શશિબાલા પંજાબી : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., રાંધેજા)

(27) ડૉ. ગુલાબભાઈ પટેલ : સભ્યશ્રી (સહ-પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા)

(28) શ્રી પૂર્ણિમાબહેન ઉપાધ્યાય : સભ્યશ્રી (મ.પ્રાધ્યાપક, ગ્રંથાલય અને મા.વિજ્ઞાન વિભાગ, અમદાવાદ)

(29) શ્રી સંજય મકવાણા : સભ્યશ્રી (મ. પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., રાંધેજા)

(30) ડૉ. મયુરકુમાર શાહ : સભ્યશ્રી (મ. પ્રાધ્યાપક, વિજ્ઞાન એકમ, મ. દે. ગ્રા. મહા., સાદરા)

(31) શ્રી પ્રજ્ઞાબહેન પાઠક : સભ્યશ્રી (ગ્રંથપાલ, ગ્રંથાલય, ગૂ. વિ., અમદાવાદ)

(32) ડૉ. રંજના હરીશ : સભ્યશ્રી (આંબાવાડી, અમદાવાદ)

(33) ડૉ. રાજેન્દ્ર ખીમાણી : સભ્ય સચિવશ્રી (કુલસચિવ, ગૂ. વિ., અમદાવાદ)

(34) શ્રી રણછોડભાઈ ચૌહાણ : પરીક્ષામંત્રીશ્રી (ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

ઉપરોક્ત બેઠકમાં (1) ડૉ. પુષ્પાબહેન મોતીયાની, સભ્યશ્રી (અધ્યક્ષ, ગાંધીદર્શન / શાંતિસંશોધન કેન્દ્ર, અમદાવાદ), (2) ડૉ. કે. કે. ખખ્ખર, સભ્યશ્રી (પૂર્વ પ્રાધ્યાપક, અર્થશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ), (3) શ્રી ગોવિંદભાઈ રાવલ, સભ્યશ્રી (ટ્રસ્ટી, ગૂ.વિ., અમદાવાદ) અને (4) ડૉ. જગદીશભાઈ સાવલિયા, સભ્યશ્રી (પ્રાધ્યાપક, મ. દે. શા. શિ. મહા., સાદરા) એ હાજર ન રહેવા અંગે અગાઉથી જાણ કરી હતી. તેમની આ રજા મંજૂર કરવામાં આવી.

વધુમાં અનુપસ્થિત સભ્યો : (1) ડૉ. મયુરીબહેન ફાર્મર, સભ્યશ્રી (પ્રાધ્યાપક, ગ્રામવ્યવસ્થાપન કેન્દ્ર, રાંધેજા) તથા (2) ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની, સભ્યશ્રી (પૂર્વ નિયામક, એકેડેમિક સ્ટાફ કોલેજ, રાજકોટ)એ ઉપસ્થિત ન રહેવા અંગે જાણ કરી ન હતી.

કાર્ય – 1 તા. 19/10/2015ના રોજ મળેલી વિદ્યાસભાની અહેવાલનોંધ તથા અમલવારીનોંધને બહાલી આપવા અંગે. (પરિશિષ્ટ-1/2)

ઠરાવ-1 ડૉ. ગીતાબહેન વ્યાસનું ઈ-મેલ એડ્રેસ ન હોવાથી તા. 19-10-2015ની વિદ્યાસભાની કાર્યસૂચિ મોકલી શકાઇ ન હતી. આથી એ વિદ્યાસભાના અહેવાલમાં તેઓએ હાજર ન રહેવા અંગેની જાણ કરી ન હતી તેવી નોંધ રદ કરવા ગીતાબહેને પત્રથી જણાવ્યું હતું. આ નોંધ રદ ગણવાના સુધારા સાથે તા. 19/10/2015ના રોજ મળેલી વિદ્યાસભાની અહેવાલનોંધ તથા અમલવારીનોંધને સર્વ સંમતિથી બહાલી આપવામાં આવી.

કાર્ય – 2 શ્રી સોનલબહેન પટેલના સમાંતર અભ્યાસક્રમ વિશે વિદ્યાસભા તા. 12/09/2014 ઠરાવ નં.-9 "આ બાબત નામદાર ન્યાયાલયમાં વિચારાધીન હોવાથી કોઈ નિર્ણય લેવાનો થતો નથી." નામદાર ન્યાયાલયે ગૂજરાત વિદ્યાપીઠને ગુણવત્તાને આધારે નિર્ણય લેવા સૂચવ્યું છે. માટે નિર્ણય લેવા બાબતે.

ઠરાવ-૨ : શ્રી સોનલબહેન પટેલના સમાંતર અભ્યાસક્રમ વિશેનો મુદ્દો વિદ્યાસભામાં ચર્ચા માટે મૂકવામાં આવતા આ મુદ્દા સંદર્ભે વિદ્યાસભામાં વિગતે ચર્ચા કરવામાં આવી. ચર્ચામાં <u>તા. ૨૬-૧૧-૨૦૦૨ની સ્થાયી સમિતિના ઠરાવ નં. ૫</u>ને વંચાણે લેવામાં આવ્યો, જે નીચે મુજબ છે :

"શિક્ષણ મહાવિદ્યાલયના શિક્ષણ પારંગતના અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૧-૨૦૦૨ દરમ્યાન શ્રી હર્ષાબહેન જે. સુચક અભ્યાસ કરતા હતા. આ અગાઉ તેમણે ગૂજરાત વિદ્યાપીઠમાંથી હિન્દી સેવક વિશેષનો અભ્યાસ વર્ષ ૧૯૯૮માં પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ, ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં હિન્દી શિક્ષા વિશારદ (હીન્દી બી.એડ્.)નો દ્વિવર્ષીય અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો. ગૂજરાત વિદ્યાપીઠમાં તેઓ જ્યારે હિન્દી શિક્ષા વિશારદનો અભ્યાસ કરતા હતા ત્યારે તેની સાથે સાથે તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.એ. (હિન્દી) વર્ષ-૧ની પરીક્ષા ઑક્ટોબર ૧૯૯૯માં પાસ કરી હતી અને ત્યારબાદ તેઓએ વર્ષ-૨ની પરીક્ષા સીટ નંબર ૧૫૨૩૯થી પાસ કરેલ છે. આમ તેઓ જ્યારે ગૂજરાત વિદ્યાપીઠમાં હિન્દી શિક્ષા વિશારદમાં અભ્યાસ કરતા હતા તેની સાથે સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.એ. (હિન્દી)નો પણ અભ્યાસ કરતા હતા. કોઈપણ યુનિવર્સિટીમાં એક સાથે બે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકાય નહીં, તેમજ બે અલગ-અલગ યુનિવર્સિટીમાં પણ એક સાથે પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકાય નહીં. શ્રી હર્ષાબહેને ગૂજરાત વિદ્યાપીઠ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦-૨૦૦૧ દરમ્યાન હિન્દી

યુનિવર્સિટીમાં પણ એક સાથે પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકાય નહીં. શ્રી હર્ષાબહેને ગૂજરાત વિદ્યાપીઠ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦-૨૦૦૧ દરમ્યાન હિન્દી
શિક્ષા વિશારદ અને એમ.એ. (હિન્દી)નો સમાંતર અભ્યાસ કરી શૈક્ષણિક ગેરરીતિ કરેલી છે. જેથી ગૂજરાત વિદ્યાપીઠે એનાયત કરેલ હિન્દી શિક્ષા વિશારદની પદવી રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.

હવે પછી ભવિષ્યમાં જ્યારે પણ વિદ્યાર્થી ગૂજરાત વિદ્યાપીઠમાં નિયમિત, દૂરવર્તી, પત્રાચાર કે પાર્ટટાઈમ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી અને અભ્યાસ ચાલુ કર્યો હોય તે વર્ષો દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠમાં કે બીજા અન્ય વિશ્વવિદ્યાલય યા શૈક્ષણિક સંસ્થામાં તે વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકશે નહીં. તેમ છતાં, વિદ્યાર્થી જો આવી શૈક્ષણિક ગેરરીતિ આચરતો માલૂમ પડશે તો ગૂજરાત વિદ્યાપીઠમાંથી તેનો અભ્યાસ / પ્રવેશ તાત્કાલિક અસરથી રદ થવાને પાત્ર રહેશે અને વિદ્યાર્થીએ આ રીતે સમાંતર અભ્યાસ કરીને અભ્યાસ પૂર્ણ કરી લીધો હશે તો ગૂજરાત વિદ્યાપીઠે એનાયત કરેલ પદવી / પરીક્ષાઓ રદ થવાને પાત્ર રહેશે. "

આ ઠરાવ અને ત્યારબાદ શ્રી સોનલબહેન પટેલના કિસ્સામાં <u>તા. ૧૪-૦૩-૨૦૦૬</u>ની <u>સ્થાયી સમિતમાં ઠરાવ નં.૩</u> થયેલ છે, જે નીચે મુજબ છે :

"હિન્દી શિક્ષક મહાવિદ્યાલયમાં અધ્યાપિકા તરીકે ફરજ બજાવતા ડૉ. સોનલબહેન પટેલે એક જ સમયગાળા દરમ્યાન કરેલા સમાંતર અભ્યાસ માટે બન્ને તજ્જ્ઞોએ ભિન્ન મત દર્શાવેલ છે. સમિતિના સૌ સભ્યોએ આ કિસ્સા અંગે વિસ્તૃત ચર્ચા કર્યા પછી ઠરાવ્યું હતું કે..

(૧) ડૉ. સોનલબહેન પટેલે જૂન : ૧૯૯૭થી સપ્ટેમ્બર : ૧૯૯૭ દરમ્યાન અનુપારંગત (શિક્ષણ) તથા પારંગત હિન્દીનો અભ્યાસક્રમ અનુક્રમે શિક્ષણ મહાવિદ્યાલય અને મ.દે.સમાજસેવા મહાવિદ્યાલયમાં કર્યો છે. બન્ને અભ્યાસક્રમ માટે આ સમયગાળો સમાંતર હોવાનું પૂરવાર થાય છે.

(૨) ડૉ. સોનલબહેન પટેલે અનુપારંગતના અભ્યાસક્રમની નોંધણી બાદ પારંગત હિન્દીની પદવી માટે નોંધણી કરાવેલ હોવાથી નિયમ પ્રમાણે પારંગત હિન્દીની પદવી પરત મેળવવી.

(૩) ડૉ. સોનલબહેન પટેલે બી.એડ્., એમ.એડ્., અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિની પદવી શિક્ષણશાસ્ત્રમાં મેળવેલી હોવાથી આ કિસ્સામાં અધ્યાપકની નિમણૂક માન્ય ગણી શકાય કે કેમ તે અંગે અભિપ્રાય મેળવ્યા બાદ યોગ્ય નિર્ણય માટે સ્થાયી સમિતિમાં ચર્ચા માટે મૂકવું."

<u>તા. ૧૨-૦૯-૨૦૧૪ની વિદ્યાસભાના ઠરાવ નં. ૯</u> મુજબ "હાલ આ બાબત નામદાર ન્યાયાલયમાં વિચારાધીન હોવાથી કોઈ નિર્ણય લેવાનો થતો નથી અને કારોબારી સમિતિએ નિમેલી સમિતિએ આપેલા અહેવાલને ધ્યાનમાં લેવામાં આવ્યો."ની ફરી નોંધ લીધી અને ઠરાવવામાં આવ્યું કે તા. ૨૬-૧૧-૨૦૦૨ અને તા. ૧૪-૦૩-૨૦૦૬ તથા તા. ૧૨-૦૯-૨૦૧૪ના ઠરાવને ધ્યાને લેવા નામદાર કોર્ટને જણાવવું.

કાર્ય – 3 Ph.D. (વિદ્યાવાચસ્પતિ) કક્ષાએ 'ગાંધીવિચાર' વિષયમાં <u>3 વિદ્યાર્થી</u> તથા 'શિક્ષણશાસ્ત્ર' વિષયમાં <u>9 વિદ્યાર્થી</u>ઓની સંશોધન રૂપરેખા સમયમર્યાદા કરતા મોડી રજૂ કરાતા; તે અંગે નિર્ણય લેવા બાબત.

ઠરાવ-3 Ph.D. (વિદ્યાવાચસ્પતિ) કક્ષાએ શિક્ષણશાસ્ત્ર વિષયના કુલ-9 તથા 'ગાંધીવિચાર' વિષયમાં 3 વિદ્યાર્થીઓની સંશોધન પ્રસ્તાવના સમયમર્યાદા કરતા મોડી રજૂ થઈ તે સંદર્ભે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

1. શિક્ષણશાસ્ત્ર વિષયના કુલ-9 વિદ્યાર્થીઓની નોંધણી તા. 08/09/2014ના રોજ થઈ હતી. આ નવ વિદ્યાર્થીઓ પૈકી 6 વિદ્યાર્થીઓ 1) અજીત આર.એસ.પી. સિંઘ, 2) મમતા કુલદીપ સિંગ, 3) જ્યોતિ સુરેશકુમાર શાહ, 4) ભામિની જી. પટેલ, 5) કમલેશભાઈ કે. મકવાણા અને 6) અનિલકુમાર કે. પટેલની સંશોધન પ્રસ્તાવના તા. 25/03/2015ના રોજ એટલે કે સત્ર-2ના સમયગાળા દરમ્યાન રજૂ થઈ અને મંજૂર પણ થઈ હતી. પરંતુ મહાવિદ્યાલય દ્વારા બીજુ સત્ર પૂર્ણ થયા પછી તા. 23/12/2015ના રોજ એટલે કે બે માસ અને પંદર દિવસ બાદ પરીક્ષા વિભાગમાં રજૂ થઈ હતી. વિદ્યાર્થી કક્ષાએ કોઈ દોષ ન હોવાથી આ 6 વિદ્યાર્થીઓની સંશોધન પ્રસ્તાવના સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

2. 'શિક્ષણશાસ્ત્ર' વિષયના અન્ય ત્રણ વિદ્યાર્થીઓના સંશોધન પ્રસ્તાવના અંગેની માહિતી :

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | નોંધણી તારીખ | સત્ર-1ની અંતિમ તારીખ | સંશોધન પ્રસ્તાવનાની મૂલ્યાંકન તારીખ | બીજી મુલાકાત બાદ સંશોધન પ્રસ્તાવના મંજૂર તારીખ | 21-11-2015ના રોજ સંશોધન પ્રસ્તાવનામાં પરીક્ષકોની નોંધ | તા. 21-11-2015ના રોજ પરીક્ષકે જે સુધારા સૂચવ્યા તેને સામેલ કરી પરીક્ષા વિભાગમાં રજૂ થયા તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | પ્રવીણકુમાર જે. મકવાણા | 8-9-2014 | 7-3-2015 | પ્રથમ મુલાકાત 25-3-2015 (સુધારો સૂચવ્યો)<br>બીજી મુલાકાત 4-8-2015 (સુધારો સૂચવ્યો) | 21-11-2015 | સંશોધન પ્રસ્તાવનાના છેલ્લા પાન પર એક પરીક્ષકે પ્રશ્નોના સ્વરૂપ અને ગુણાંકન બાબતે ઉપકરણની રચના વધુ સ્પષ્ટતા માંગે છે તેવી નોંધ મૂકેલી છે. જ્યારે બીજા પરીક્ષકે સંશોધન પ્રસ્તાવનાના પ્રથમ પાન પર નોંધણી માટે ભલામણ કરી છે. | 4-12-2015 |
| 2. | ભરતભાઈ સી. મકવાણા | 8-9-2014 | 7-3-2015 | પ્રથમ મુલાકાત 25-3-2015 (સુધારો સૂચવ્યો)<br>બીજી મુલાકાત 4-8-2015 (સુધારો સૂચવ્યો) | 21-11-2015 | સંશોધન પ્રસ્તાવનાના છેલ્લા પાન પર એક પરીક્ષકે લેખિત તેમજ મૌખિક કરેલા સૂચનોનો અમલ કરવા નોંધ આપેલી છે. જ્યારે બીજા પરીક્ષકે સંશોધન પ્રસ્તાવનાના પ્રથમ પાન પર નોંધણી માટે ભલામણ કરી છે. | 4-12-2015 |
| 3. | હર્ષદાબહેન કે. ચૌધરી | 8-9-2014 | 7-3-2015 | પ્રથમ મુલાકાત (ગેરહાજર)<br>બીજી મુલાકાત 4-8-2015 (સુધારો સૂચવ્યો) | 21-11-2015 | સંશોધન પ્રસ્તાવનાના પાન નં.-2 પર ~~બીજા~~ પરીક્ષકે તા. 4-8-2015ની મુલાકાતમાં આપેલા સૂચનોનો અમલ થઈ શક્યો નથી તેવી નોંધ મૂકેલી છે. જ્યારે અભ્યાસ [illegible] પરીક્ષકે સંશોધન પ્રસ્તાવનાના પ્રથમ પાન પર નોંધણી માટે ભલામણ કરી છે. | 23-12-2015 |

ઉપરોક્ત ત્રણેય વિદ્યાર્થીઓના સંશોધન પ્રસ્તાવના સંદર્ભે નિર્ણય લેવા માટે નિમાયેલી સમિતિના નિર્ણય પ્રમાણે...

(1) અધિનિયમ-2009ની કલમ-7.5 મુજબ પ્રથમ સત્ર દરમ્યાન તજ્જ્ઞ સમિતિ સમક્ષ આ ત્રણેય વિદ્યાર્થીઓની સંશોધન પ્રસ્તાવના રજૂ થઈ ન હતી.

(2) અધિનિયમ-2009ની કલમ-7.7 મુજબ વિદ્યાર્થીઓની નોંધણી તારીખ પછી વધુમાં વધુ એક વર્ષમાં સંશોધન પ્રસ્તાવના મંજૂર કરાવવાની હોય છે. ઉપરના ત્રણેય કિસ્સામાં આ કલમનો અમલ થયેલો નથી. આમ, કલમ-7.5 અને 7.7ના આધારે ત્રણેય વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરવાનું ઠરાવવામાં આવ્યું.

3. ગાંધીવિચાર વિષયના ત્રણ વિદ્યાર્થીઓની નોંધણી તા. 19/09/2014ના રોજ થઈ હતી. સંશોધન પ્રસ્તાવના પ્રથમ કે બીજા સત્ર દરમ્યાન રજૂ થઈ ન હતી. પરંતુ ત્રીજુ સત્ર શરૂ થયાને બે માસ અને દસેક દિવસ બાદ તજ્જ્ઞ સમિતિ સમક્ષ મૂલ્યાંકન અર્થે રજૂ કરવા મંજૂરી માંગી હતી. નોંધણી તારીખ પછી વધુમાં વધુ એક વર્ષમાં સંશોધન પ્રસ્તાવના મંજૂર કરાવવાની હોય છે. આ નિયમનું પાલન ન થવાથી આ ત્રણેય વિદ્યાર્થીઓનો પ્રવેશ નિયમ પ્રમાણે આપોઆપ રદ થાય છે તેને સર્વસંમતિથી બહાલી આપવામાં આવી.

4. યુજીસી અધિનિયમ-2009 અંગે અગાઉ નિમાયેલી સમિતિ જરૂરી સુધારાવધારા કરી તેનો અહેવાલ તા. 30/04/2016 સુધીમાં રજૂ કરે તેવું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 4 કાશ્મીરી વિસ્થાપિત વિદ્યાર્થીઓ અંગે યુજીસીના પત્ર ક્રમાંક D.O.No.F. 1-13/2010 CPP-II, તા. 19/03/2015ને ધ્યાને લેવા બાબત. (પરિશિષ્ટ-3)

ઠરાવ-4 કાશ્મીરી વિસ્થાપિત વિદ્યાર્થીઓ અંગે યુજીસીના પત્ર ક્રમાંક D.O.No.F. 1-13/2010 CPP-II, તા. 19/03/2015ને નીચેની બાબતો સાથે ધ્યાને લેવામાં આવ્યો.

(1) કાશ્મીરી વિસ્થાપિત વિદ્યાર્થીઓના પ્રવેશ માટે લઘુતમ જરૂરિયાતના 10 ટકા ગુણ કટઓફ (Cut off) રાખવા.

(2) દરેક અભ્યાસક્રમ દીઠ 5 ટકા સુધી ઇન્ટેક વધારવી.

(3) ટેકનિકલ / વ્યાવસાયિક સંસ્થાઓમાં અગ્રતાક્રમમાં એક બેઠક અનામત રાખવી.

(4) અધિવાસ પ્રમાણપત્ર (ડોમીસાઈલ સર્ટીફિકેટ) માટે આગ્રહ ન રાખવો.

કાર્ય – 5 યુનિવર્સિટી સાયન્સ ઇન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર (યુ.સી.ક.) દ્વારા 'સોલર ફોટોવોલ્ટિક ટેકનિશ્યન" ત્રણ માસનો પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવા કુલનાયકશ્રીએ વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ આપેલી સંમતિને બહાલી આપવા.

ઠરાવ-5 યુનિવર્સિટી સાયન્સ ઇન્સ્ટ્રુમેન્ટેશન સેન્ટર (યુ.સી.ક.) દ્વારા 'સોલર ફોટોવોલ્ટિક ટેકનિશ્યન" ત્રણ માસનો પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવા કુલનાયકશ્રીએ વિદ્યાસભાની મંજૂરીની અપેક્ષાએ આપેલી સંમતિને બહાલી આપવામાં આવી.

કાર્ય – 6 તા. 12/12/2015ના રોજ ગેરવાજબી રીતરસમ અંગે મળેલી સમિતિના અહેવાલની નોંધ લેવા બાબત. (પરિશિષ્ટ-4)

ઠરાવ-6 તા. 12/12/2015ના રોજ ગેરવાજબી રીતરસમ અંગે મળેલી સમિતિના અહેવાલની નોંધ લેવામાં આવી. વિદ્યાર્થિનીએ સંસ્થામાં કામ કરવાનું સ્વીકાર્યું ન હોવાથી તેણીને બે વર્ષની સજા રહેશે.

કાર્ય – 7 Ph.D. (વિદ્યાવાચસ્પતિ) કક્ષાએ 'ગ્રામવ્યવસ્થાપન' વિષયના જાહેરનામા(2012)માં 'સમાજવિદ્યા' વિદ્યાશાખાને બદલે 'વ્યવસ્થાપન' વિદ્યાશાખા દર્શાવવા માટે વિદ્યાર્થી શ્રી દશરથ હરિભાઈ સાળુકેની તા. 14/08/2015ની અરજી બાબતે.

ઠરાવ-7 શ્રી દશરથ હરિભાઈ સાળુકેના Ph.D. જાહેરનામા (2012)માં ફેકલ્ટી દર્શાવ્યા સિવાય 'ગ્રામવ્યવસ્થાપન' વિષય દર્શાવી નવું જાહેરનામું આપવું.

હવે પછી અગાઉના જાહેરનામા સંદર્ભે કોઈપણ વિદ્યાર્થીની ફેકલ્ટી બદલી આપવા સંદર્ભે અરજી આવે તો મૂળ જાહેરનામું પરત લઈ ફેકલ્ટી દર્શાવ્યા સિવાય નવું જાહેરનામું આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 8 નીચે દર્શાવેલા સેવકોને તેમના નામ સામે દર્શાવેલા વિષય તથા કક્ષાએ ગૂજરાત વિદ્યાપીઠમાં માર્ગદર્શક તરીકે મંજૂરી આપવા અંગે.

| ક્રમ | સેવકનું નામ | વિષય | કક્ષા |
|---|---|---|---|
| 1. | ડૉ. રવીન્દ્રભાઈ પંચોલી<br>મદદનીશ પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., રાંધેજા | સમાજકાર્ય<br>(માત્ર આદિવાસી વિષયક અભ્યાસ માટે જ) | Ph.D. |
| 2. | ડૉ. કનુભાઈ વસાવા<br>મદદનીશ પ્રાધ્યાપક, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા. | ગુજરાતી | M.Phil. |

ઠરાવ-8 ડૉ. રવીન્દ્રભાઈ પંચોલીની શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક / સંશોધક તરીકેનો અનુભવ, પારંગત કક્ષાએ ઉત્તીર્ણ થયેલા 10 વિદ્યાર્થીઓને નિબંધ માટે આપેલ માર્ગદર્શન તથા તેમણે કરેલા ચાર મેજર અને બે માઈનોર રીસર્ચ પ્રોજેક્ટ તથા રજૂ કરેલા સંશોધનપત્રો અંગે તજ્જ્ઞશ્રીએ આપેલા હકારાત્મક અભિપ્રાયને આધારે 'સમાજકાર્ય' વિષયમાં માત્ર આદિવાસી વિષયક અભ્યાસ માટે જ Ph.D. કક્ષાએ માર્ગદર્શક તરીકેની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

ડૉ. કનુભાઈ વસાવાની શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ તથા તેમણે રજૂ કરેલા સંશોધનપત્રો અંગે તજ્જ્ઞશ્રીએ આપેલા હકારાત્મક અભિપ્રાયને આધારે 'ગુજરાતી' વિષયમાં M.Phil. કક્ષાએ માર્ગદર્શક તરીકેની માન્યતા આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 9 નીચેના વિદ્યાર્થીઓને Ph.D. કક્ષાએ પાંચમા વર્ષનો મુદત વધારો આપવા બાબતે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિષય | નોંધણી તારીખ / નંબર | વિભાગ / મહાવિદ્યાલય |
|---|---|---|---|---|
| 1. | શ્રી દશરથકુમાર વિરચંદભાઈ પ્રસાદ | શિક્ષણશાસ્ત્ર | તા. 05/09/2011 નં. 211402 | શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 2. | શ્રી કમલેશકુમાર પ્રભુભાઈ સાતુલનિયા | શિક્ષણશાસ્ત્ર | તા. 20/09/2011 નં. 211404 | શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 3. | શ્રી રાજુભાઈ લલ્લુભાઈ દેસાઈ | શિક્ષણશાસ્ત્ર | તા. 20/09/2011 નં. 211401 | શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદ. |
| 4. | શ્રી કોમલ પ્રદીપભાઈ આચાર્ય | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન | તા. 26/09/2011 નં. 511851 | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા. |
| 5. | શ્રી કિંજલ પ્રભુદાસ પ્રજાપતિ | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન | તા. 26/09/2011 નં. 511852 | સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન એકમ, મ. દે. ગ્રામસેવા મહા., સાદરા. |
| 6. | ઇશાની પી. પટેલ | સમાજકાર્ય | તા. 17/01/2012 નં. 111711 | મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ. |

ઠરાવ-9 ઉપરોક્ત 6 વિદ્યાર્થીઓએ સમય સમય પર રજૂ કરેલા પ્રગતિ અહેવાલ તથા માર્ગદર્શકની ભલામણને આધારે તમામને પાંચમા વર્ષનો મુદત વધારો આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 10 વર્ષ-2016થી પદવી અરજી ઓનલાઇન કરવા અને પદવી અરજી સ્વીકારવાની તા. 1/8 થી 15/8 અને મોડાઈ ફી સાથે 20/8 સુધી રાખવા અંગે પરીક્ષા વિભાગની દરખાસ્ત બાબતે.

ઠરાવ-10 વર્ષ-2016થી પદવી અરજી ઓનલાઇન કરવાનું ઠરાવવામાં આવ્યું. દર વર્ષે તા. 1/8 થી 15/8ના સમયગાળામાં નિયત ફી લઈને અને તે પછી તા. 20/08 સુધી આવનારી અરજીઓ માટે મોડાઈ ફી રૂ. 50/- લઈને અરજીપત્ર સ્વીકારવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 11 પદવી પ્રમાણપત્રમાં ગુજરાતીની પાછળ માત્ર અંગ્રેજી અનુવાદ જ રાખવા અંગે પરીક્ષા વિભાગની દરખાસ્ત બાબતે.

ઠરાવ-11 હાલ આપવામાં આવતા પદવી પ્રમાણપત્રના સ્વરૂપમાં ફેરફાર ન કરવો પરંતુ કોઈ વિદ્યાર્થીની અરજી આવે તો તેને અંગ્રેજીમાં અલગથી પદવી પ્રમાણપત્ર નિયત ફી લઈને આપવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 12 ડૉ. સંજય મકવાણાના Ph.D. કક્ષાએ 'ગુજરાતી' વિષયના પ્રવેશ અને પદવી બાબત તથા ડૉ. હસમુખ પંચાલની 'સમાજશાસ્ત્ર' વિષયમાં Ph.D. અભ્યાસક્રમમાં ફરી નોંધણી બાદ નિબંધ રજૂ કરવા સંદર્ભે હકીકતોને ધ્યાને લઈ નિર્ણય કરવા અંગે.

ઠરાવ-12 હાલ આ બાબતે જે સ્થિતિ છે તે ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું. તેઓને સેવામાં આર્થિક લાભ સંદર્ભે કોઈ કાર્યવાહી ન કરવા ઠરાવવામાં આવ્યું.

કાર્ય – 13 શૈક્ષણિક વર્ષ 2016-17થી તમામ અભ્યાસક્રમોના પ્રવેશ ઓનલાઇન કરવા યુ.જી.સી.ના પત્ર ક્રમ D.O.No. F 1-12/2015 (CM) બાબત.

ઠરાવ-13 શૈક્ષણિક વર્ષ 2016-17થી તમામ અભ્યાસક્રમોના પ્રવેશ ઓનલાઇન કરવા યુ.જી.સી.ના પત્ર ક્રમ D.O.No. F 1-12/2015 (CM)ના પત્રની નોંધ લેવામાં આવી.

શૈક્ષણિક વર્ષ 2016-17થી તમામ અભ્યાસક્રમોના પ્રવેશ ઓનલાઇન કરવા તમામ પાસાંઓનો અભ્યાસ કરી કોમન અરજીપત્ર માટે નિમાયેલ સમિતિ જાન્યુઆરીના અંત સુધીમાં અહેવાલ રજૂ કરે તેવું ઠરાવવામાં આવ્યું. અહેવાલ રજૂ થયે ફેબ્રુઆરી માસમાં દરેક મહાવિદ્યાલય / વિભાગ સાથે બેઠક રાખવાનું સૂચન આદરણીય કુલનાયકશ્રીએ કર્યું.

કાર્ય – 14 ઇ-ટ્રાન્સ્ક્રિપ્ટ અને ઓનલાઇન વેરીફિકેશન સેવા ઉપલબ્ધ થવા બાબત.

ઠરાવ-14 હાલ ટ્રાન્સ્ક્રિપ્ટ અને વેરીફિકેશન માટે જે પદ્ધતિ ચાલે છે તેને યથાવત્ રાખવાની સાથે સાથે ઇ-ટ્રાન્સ્ક્રિપ્ટ અને ઓનલાઇન વેરીફિકેશનની વ્યવસ્થા પણ આપવાનું ઠરાવવામાં આવ્યું. આ માટે ટ્રુકોપી (True Copy) કંપની સાથે કરેલા કરારને માન્ય રાખવામાં આવ્યો.

કાર્ય – 15 ચોઇસ બેઝ ક્રેડિટ સિસ્ટમ અંગે યુ.જી.સી.ના પત્ર D.O. No.1-12-/2015 (CM) તા. 1-12-2015 બાબત.

ઠરાવ-15 ચોઇસ બેઝ ક્રેડિટ સિસ્ટમ અંગે યુ.જી.સી.ના પત્ર D.O. No.1-12-/2015 (CM) તા. 1-12-2015ના પત્રની નોંધ લેવામાં આવી.

અગાઉ તા. 03/03/2014ના રોજ મળેલી વિદ્યાસભાના ઠરાવ નં.-20 મુજબ દરેક અભ્યાસક્રમમાં બે – બે ક્રેડિટના પાઠ્યક્રમ મુક્ત ક્રેડિટ (Open Credit) તરીકે રાખવા જે નિર્ણય થયેલો છે તે પ્રમાણે દરેક મહાવિદ્યાલય / વિભાગ ઘટતી કાર્યવાહી કરી તેની વિગત અભ્યાસક્રમ વિકાસ એકમના સંયોજકશ્રીને મોકલી આપવા ફરીથી ઠરાવવામાં આવ્યું.

કોઈપણ અભ્યાસક્રમ કુલ જેટલી ક્રેડિટનો હોય તેમાં જ ચોઇસ બેઝ ક્રેડિટનો સમાવેશ કરવો. એટલે કે, મુખ્ય અભ્યાસક્રમની ક્રેડિટ તથા CBCSની ક્રેડિટ મળીને કુલ ક્રેડિટ જે તે અભ્યાસક્રમની ગણવાની રહેશે. માનનીય કુલસચિવશ્રીએ અભ્યાસક્રમના અંતે દરેક વિદ્યાર્થીએ અભ્યાસ દરમ્યાન અમુક ક્રેડિટ CBCS તરીકે મેળવવાનું અનિવાર્ય કરવા સૂચન કર્યું હતું. CBCSના અમલ માટે દરેક અભ્યાસક્રમોના સમયપત્રકમાં જરૂરી ફેરફાર કરવા સૂચવવામાં આવ્યું.

કાર્ય – 16 ફટાકડાની અસર અને પર્યાવરણ સભાનતા અંગે યુ.જી.સી.ના પત્ર ક્રમ D.O. No. 14-26-2015 (CPP-II) તા. 11-12-2015 બાબતે.

ઠરાવ-16 ફટાકડાની અસર અને પર્યાવરણ સભાનતા અંગે યુ.જી.સી.ના પત્ર ક્રમ D.O. No. 14-26-2015 (CPP-II) તા. 11-12-2015ના પત્રની નોંધ લેવામાં આવી.

ગૂજરાત વિદ્યાપીઠના જે અભ્યાસક્રમોમાં પર્યાવરણ સંબંધિત પાઠ્યક્રમો આવતા હોય તેમાં ફટાકડા સંબંધિત એકમ ઉમેરવાનું ઠરાવવામાં આવ્યું. આ માટે ડૉ. નિમિષા શુક્લ (સમિતિના કન્વીનર), ડૉ. હરિભાઈ પટેલ તથા ડૉ. નિખિલ ભટ્ટની સમિતિ બનાવવામાં આવી. આ સમિતિ પર્યાવરણ સંબંધિત પાઠ્યક્રમો અંગે જરૂરી સુધારા વધારા અંગે તા. 31-03-2016 સુધીમાં અહેવાલ આપશે. જરૂર જણાય તો પર્યાવરણ વિજ્ઞાનના તજ્જ્ઞશ્રીને આમંત્રિત કરી શકાશે.

કાર્ય – 17 એમ.એસસી. માઇક્રોબાયોલોજી અભ્યાસક્રમમાં એક જ શોધકાર્યમાં એકથી વધુ વિદ્યાર્થીઓને સાંકળવા અંગે વિભાગના અધ્યાપકોના તા. 07/01/2016ના પત્ર બાબત.

ઠરાવ-17 એમ.એસસી. માઇક્રોબાયોલોજી અભ્યાસક્રમમાં એક જ શોધકાર્યમાં એકથી વધુ વિદ્યાર્થીઓને જુદા જુદા એકમો (પેરામીટર) લઈને સાંકળવા અંગે વિભાગના અધ્યાપકોની દરખાસ્તને સ્વીકારવામાં આવી. વળી જરૂર જણાય ત્યાં વ્યક્તિગત રીતે પણ શોધકાર્ય કરી શકશે. આનો અમલ નવેમ્બર / ડિસેમ્બર 2016માં શરૂ થનારા ચોથા સત્રથી લાગુ પડશે.

કાર્ય – 18 કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગમાં ફરજ બજાવતા શ્રી રૂચિતાબહેન શાહને Ph.D. નો શોધનિબંધ જમા કરાવવા 45 દિવસનો સમય આપવા બાબતે.

ઠરાવ-18 કમ્પ્યૂટર વિજ્ઞાન વિભાગમાં ફરજ બજાવતા શ્રી રૂચિતાબહેન શાહને Ph.D. નો શોધનિબંધ જમા કરાવવાની છેલ્લી તા. 10-01-2016 હતી. તેમની માંગણીને ધ્યાને રાખી આ તારીખથી 45 દિવસ (તા. 25/02/2016) સુધીનો સમય આપવાનું ઠરાવવામાં આવ્યું. એ પછી કોઈ મુદત વધારો આપવામાં આવશે નહીં.

કાર્ય – 19 કોમન પ્રવેશ અરજીપત્ર બાબતે.

ઠરાવ-19 કોમન પ્રવેશ અરજીપત્ર સંદર્ભે નિમાયેલી સમિતિના કન્વીનર ડૉ. અજયભાઈ પરીખે રજૂ કરેલા અરજીપત્રમાં નીચેના સૂચનો સામેલ કરી ફરી રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું.

1) ભાષાકીય ભૂલો સુધારવી.
2) વિશારદ, પારંગત, અનુપારંગત તથા વિદ્યાવાચસ્પતિ શબ્દોની જગ્યાએ યુજીસીના સૂચન પ્રમાણે અનુક્રમે સ્નાતક, અનુસ્નાતક, એમ.ફિલ. તથા પીએચ.ડી. શબ્દોનો ઉપયોગ કરવો.
3) અરજીપત્રમાં વિદ્યાર્થીના વાલીની વાર્ષિક આવક, વિદ્યાર્થીનો આધારકાર્ડ તથા પાન (PAN) નંબરની વિગત ઉમેરવી.
4) વિશ્વવિદ્યાલયોની યાદી ટૂંકી કરવી.

આ અરજીપત્રનો અમલ જૂન-2016ના પ્રવેશથી કરવાનો રહેશે.

કાર્ય – 20 નવા અભ્યાસક્રમો દાખલ કરવા અને તેનો અભ્યાસક્રમ ઘડવા બાબતે.

ઠરાવ-20 નવા અભ્યાસક્રમો તરીકે વનસ્પતિશાસ્ત્ર (બોટની), હરિત રસાયણશાસ્ત્ર (ગ્રીન કેમેસ્ટ્રી), કૃષિ (સજીવ ખેતી), પર્યાવરણ વિજ્ઞાન (એન્વાયરોમેન્ટ સાયન્સ) તથા લૉ અને સાયકોલૉજી વિષયમાં સ્નાતક, અનુસ્નાતક, એમ.ફિલ. તથા પીએચ.ડી.ના અભ્યાસક્રમો શરૂ કરવા, તેના પાઠ્યક્રમોના નામ નક્કી કરવા તથા દરેક પાઠ્યક્રમોનો અભ્યાસક્રમ ઘડવાનું ઠરાવવામાં આવ્યું. આ માટે વિષયવાર નિષ્ણાતોની સમિતિ બનાવવી. ઘડેલા અભ્યાસક્રમને વિદ્યાસભામાં મંજૂર કરાવવાના રહેશે.

અંતે પ્રમુખશ્રીએ સર્વ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂરી થયેલી જાહેર કરી હતી.

તા. 16/02/2016

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ

1. તા. 13-1-2016 અહેવાલ